Australian Government
Aged Care Quality and Safety Commission

Engage
*Empower*
**Safeguard**

# ધ એજેડ કેર ક્વોલિટી એન્ડ સેફ્ટી કમીશન શું છે?



**Aged Care Quality and Safety Commission (એજેડ કેર ક્વોલિટી એન્ડ સેફ્ટી કમીશન) ઉપર, અમારું કામ એવા લોકોનું રક્ષણ કરવાનું છે જેઓ ઓસ્ટ્રેલીયન સરકાર દ્વારા નાણાંકીય ભંડોળ ધરાવતી વૃદ્ધ સંભાળ સેવાઓનો ઉપયોગ કરે છે.**

જ્યારે તમે વૃદ્ધ સંભાળ સેવાઓ મેળવો છો ત્યારે તમે નીચેની બાબતો અંગે હક્ક ધરાવો છો:

- ગૌરવ અને આદર
- સલામત અને ગુણવત્તાયુક્ત સંભાળ જે તમારી જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

અમે એ સુનિશ્ચિત કરવામાં મદદ કરીએ છીએ કે સેવાઓ ઉત્તમ સંભવિત સંભાળ પૂરી પાડે અને હક્કોના નિવેદન સાથે સુસંગતતામાં સેવાઓ પૂરી પાડે.

અમે આ કાર્ય નીચેની રીતે કરીએ છીએ:

- પ્રદાતાઓની વૃદ્ધ સંભાળ માટે નોંધણી કરીને
- એ તપાસીને કે સેવાઓ વૃદ્ધ સંભાળની ગુણવત્તાના ધોરણો પૂર્ણ કરે છે
- એ સુનિશ્ચિત કરીને કે પ્રદાતાઓ અને કામદારો એ રીતે વર્તન કરે છે જે વૃદ્ધ સંભાળની આચાર સંહિતાને પૂરી કરે છે
- વૃદ્ધ સંભાળ સેવાઓની ફરિયાદોની તપાસ કરીને
- પ્રદાતાઓને બદલવાની ફરજ પાડીને જો તેઓ પ્રમાણોને પૂર્ણ કરતા ન હોય અથવા લોકોના હક્કોનો આદર કરતા ન હોય તો
- એ સુનિશ્ચિત કરીને કે પ્રદાતાઓ યોગ્ય રીતે ફીસ, ફાળાઓ અને નાણાનું સંચાલન કરે છે
- એ સુનિશ્ચિત કરીને કે ભાવિ નવી વૃદ્ધ સંભાળ સંસ્થાઓ અનુકૂળ હોય
- ગંભીર ઘટનાઓની તપાસ કરીને
- અમારા તારણો અંગેની માહિતી પ્રકાશિત કરીને
- તે સમજાવીને કે સારી સંભાળનો શું અર્થ થાય છે અને સેવાઓ પાસેથી શાની અપેક્ષા રાખવી.

અમારું કાર્ય મોટા ભાગની વૃદ્ધ સંભાળની સેવાઓને આવરી લે છે પરંતુ નિવૃત્ત ગામોનો સમાવેશ કરતું નથી.

## અમે તમને કેવી રીતે મદદ કરી શકીએ?

સ્ટેટમેન્ટ ઓફ રાઈટસ (હક્કોનું નિવેદન) પ્રતિભાવ આપવાના અને ફરિયાદો કરવાના તમારા હક્કનું રક્ષણ કરે છે. *એજેડ કેર એક્ટ 2024*માં દાખલ થયેલ, હક્કોનું નિવેદન એવા હક્કોની રૂપરેખા આપે છે જે વૃદ્ધ સંભાળની સેવાઓનો ઉપયોગ કરવા સમયે તમે ધરાવો છો.

જો તમે તમારી સંભાળ બાબતે ચિંતા ધરાવતા હોવ તો, તેને ઠીક કરવા માટે તમે તમારી સેવાને તમારી બાબતે કામ કરવાનું જણાવી શકો છો.

તમારી સેવા એક પ્રતિભાવ અને ફરિયાદોના પ્રતિભાવની પ્રક્રિયા ધરાવતી હોવી જોઈએ. તેઓએ તમને જણાવવું જોઈએ કે તેઓ તમારી ચિંતાનું નિવારણ કરવા માટે શું કરી રહ્યા છે. તેઓ ફરિયાદ કરવા માટે તમારી સાથે અલગ રીતનો વ્યવહાર કરી શકતા નથી.

અમે એક મફત ફરિયાદની સેવા ધરાવીએ છીએ. જો તમારા પ્રદાતા તમારી ચિંતાઓનો જે રીતે પ્રતિસાદ આપે છે તેનાથી ખુશ ન હોવ તો તમે અમારી સાથે વાત કરી શકો છો. તમે તમારી સેવા કે હક્કો અંગે અમને પ્રશ્નો પણ કરી શકો છો.

અમે નીચેની રીતે મદદ કરીશું:

- તમને ધ્યાનપૂર્વક સાંભળીને
- તમને સાચી માહિતી આપીને
- તમારી ચિંતાઓનો ઉકેલ કરવા માટે તમારી અને તમારી સેવા સાથે કામ કરીને

તમારા માટે અમારો સંપર્ક કરવા માટે તમે પરિવારના એક સભ્ય, મિત્ર કે એડવોકેટ માટે મંજૂરી આપી શકો છો. વાતચીતો જો તમે પસંદ કરો તો ગોપનીય કે અનામી થઈ શકે છે.

તમે ફોન દ્વારા, ઓનલાઈન સ્વરૂપે, ઈમેઈલ કે પોસ્ટ દ્વારા અમારો સંપર્ક કરી શકો છો.

## અન્ય કઈ જગ્યાએ તમે મદદ મેળવી શકો છો?

તમે તમને મદદ કરવા માટે એક સ્વતંત્ર વૃદ્ધ સંભાળ માટેના એડવોકેટને પૂછી શકો છો. એક એડવોકેટ:

- તમારા હક્કો સમજવામાં તમને મદદ કરી શકે છે
- વૃદ્ધ સંભાળનાં મુદ્દા અંગે તમારી સેવા સાથે વાત કરવામાં તમને મદદ કરી શકે છે
- અમારી પાસે ફરિયાદો રજૂ કરી શકે છે
- તમારી વૃદ્ધ સંભાળની સમસ્યાઓનો ઉકેલ લાવી શકે છે.

તમે Older Persons Advocacy Network (ઓલ્ડર પર્સન્સ એડવોકેસી નેટવર્ક) વેબસાઈટ ની મુલાકાત લઈને અથવા **1800 700 600** ઉપર તેમને કોલ કરીને મફત અને ગોપનીય મદદ મેળવી શકો છો.

**હક્કોનું નિવેદન**
agedcarequality.gov.au/older-people/your-rights

**એજેડ કેર ક્વોલિટી એન્ડ સેફ્ટી કમીશન**
agedcarequality.gov.au/contact-us

**એજેડ કેરની આચાર સંહિતા**
agedcarequality.gov.au/older-people/your-rights/aged-care-code-conduct

**એજેડ કેર ક્વોલીટીનાં ધોરણો**
agedcarequality.gov.au/older-australians/your-rights/aged-care-quality-standards

**Older Persons Advocacy Network (ઓલ્ડર પર્સન્સ એડવોકેસી નેટવર્ક) વેબસાઈટ**
opan.org.au

1800 951 822
agedcarequality.gov.au
તમારા પાટનગર શહેરમાં Aged Care Quality and Safety Commission, GPO Box 9819

**આ સંશાધન ઓનલાઈન મેળવો**
agedcarequality.gov.au/resource-library/what-aged-care-quality-and-safety-commission-fact-sheet

EEC006